# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-12-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SATURDAY** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે ભારત હાલમાં ઉચ્ચ વિકાસ અને નીચા ફુગાવા સાથે વિશ્વ માટે એક આદર્શ છે.
2. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ઇન્ડિગોને મુસાફરોને વિલંબ કર્યા વિના બાકી ભાડાની ચુકવણી કરવાનો નિર્દેશ આપ્યો.
3. ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને યુનિટી માર્ચના સમાપન સમારોહમાં 2047 સુધીમાં વિકસિત ભારતના સ્વપ્નને પૂર્ણ કરવા યુવાઓને સાથે મળીને કામ કરવા હાકલ કરી
4. કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે કહ્યું કે ,આગામી પાંચ વર્ષમાં પશુપાલકોની આવકમાં 20 ટકાનો વધારો કરવાનો લક્ષ્યાંક.
5. ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરને મહાપરિનિર્વાણ દિવસ પર આજે રાષ્ટ્ર શ્રદ્ધાંજલિ આપી રહ્યું છે
6. વિશાખાપટ્ટનમમાં રમાઈ રહેલી પુરુષોની એક દિવસીય ક્રિકેટ મેચમાં દક્ષિણ આફ્રિકાએ ભારતને જીતવા માટે 271 રનનો લક્ષ્યાંક આપ્યો.

.................................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM - HT SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે જણાવ્યું છે કે ભારત હાલમાં ઉચ્ચ વિકાસ અને નીચા ફુગાવા સાથે વિશ્વ માટે એક આદર્શ છે. નવી દિલ્હીમાં એક કાર્યક્રમને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે ચાલુ નાણાકીય વર્ષના બીજા ત્રિમાસિક ગાળા દરમિયાન કુલ સ્થાનિક ઉત્પાદન ( GDP) દરમાં 8 ટકાનો વધારો દેશની વધતી પ્રગતિનું પ્રતિબિંબ છે. તેમણે કહ્યું કે તે માત્ર એક આંકડો નથી, પરંતુ એક મજબૂત મેક્રોઇકોનોમિક પ્રતીક છે જે ભારતની વધતી જતી વૈશ્વિક અર્થવ્યવસ્થા તરીકેની સ્થિતિને પ્રતિબિંબિત કરે છે.

### PM---BRIDGE-BUILDER

વૈશ્વિક મંચ પર ભારતની ભૂમિકાની ચર્ચા કરતા , પ્રધાનમંત્રીએ કહ્યું કે પડકારો અને અનિશ્ચિતતાઓથી ઘેરાયેલી દુનિયામાં ભારતની પોતાની અલગ ઓળખ છે.

-------------

# AVIATION – INDIGO

**નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ઇન્ડિગોને મુસાફરોને વિલંબ કર્યા વિના બાકી ભાડાની ચુકવણી કરવાનો નિર્દેશ આપ્યો છે. મંત્રાલયે જણાવ્યું હતું કે બધી રદ થયેલી અથવા વિક્ષેપિત ફ્લાઇટ્સ માટે ચુકવણી પ્રક્રિયા આવતીકાલે રાત્રે 8 વાગ્યા સુધીમાં પૂર્ણ થવી જોઈએ. એરલાઇન્સને એ પણ નિર્દેશ આપવામાં આવ્યો છે કે ફ્લાઇટ રદ થવાને કારણે જેમની ટ્રિપ્સ રદ થઈ હતી તે વા મુસાફરો પાસેથી કોઈપણ રિશેડ્યુલિંગ ફી ન વસૂલવામાં**

**આવે. મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે રિફંડ પ્રક્રિયામાં કોઈપણ વિલંબ અથવા પાલન ન થવા પર કાનૂની કાર્યવાહી થશે.**

**મંત્રાલયે ઇન્ડિગોને એ પણ નિર્દેશ આપ્યો કે ફ્લાઇટ રદ થવા અથવા વિલંબને કારણે મુસાફરોથી અલગ કરાયેલા તમામ સામાનને આગામી ૪૮ કલાકમાં શોધી કાઢવામાં આવે અને મુસાફરના રહેણાંક અથવા નિયત સરનામે પહોંચાડવામાં આવે.**

-------------

## UNITY MARCH

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને આજે યુવાનોને જાગૃત થવા અને 2047 સુધીમાં વિકસિત ભારતના સ્વપ્નને પૂર્ણ કરવા માટે સાથે મળીને કામ કરવા માટે જોરદાર હાકલ કરી હતી.

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર @150 રાષ્ટ્રીય પદયાત્રાના સમાપન સમારોહને સંબોધતા , ઉપરાષ્ટ્રપતિએ યુવાનોને દેશની પ્રગતિનું એન્જિન ગણાવ્યું અને ભાર મૂક્યો કે ભારતની મોટી યુવા વસ્તી એક મુખ્ય રાષ્ટ્રીય શક્તિ છે.

રાષ્ટ્રીય એકતા અને રાષ્ટ્ર નિર્માણમાં સરદાર પટેલના અપાર યોગદાનને યાદ કરીને, તેમણે યુવાનોને સરદારના મૂલ્યોને તેમના જીવનમાં અપનાવવા વિનંતી કરી. ઉપરાષ્ટ્રપતિએ માય યુવા ભારત જેવી પહેલ દ્વારા યુવા ઊર્જાને ચારિત્ર્ય નિર્માણ , નવીનતા અને ઉદ્યોગસાહસિકતા તરફ વાળવાના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દ્રષ્ટિકોણ પર પણ ભાર મૂક્યો.

**BYTE: VICE PRESIDENT**

સરદાર પટેલની 150મી જન્મજયંતિની ઉજવણી માટે આયોજિત રાષ્ટ્રીય પદયાત્રા 26 નવેમ્બર, 2025 ના રોજ કરમસદથી શરૂ થઈ હતી અને આજે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સફળતાપૂર્વક સમાપ્ત થઈ. આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય મંત્રીઓ મનસુખ માંડવિયા , રક્ષા ખડસે અને રાજીવ રંજન રાય પણ ઉપસ્થિત રહ્યા હતા.

-------------

## AMIT SHAH

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આજે જાહેરાત કરી છે કે સરકાર ડેરી ક્ષેત્રમાં સરક્યુલર અર્થતંત્ર મોડેલ લાગુ કરીને આગામી પાંચ વર્ષમાં પશુપાલકોની આવકમાં 20 ટકાનો વધારો કરવાનો લક્ષ્યાંક ધરાવે છે.

બનાસ ડેરીના બાયો-સીએનજી અને ખાતર પ્લાન્ટનું ઉદ્ઘાટન અને બનાસ ડેરીના અત્યાધુનિક 150 ટીપીડી દૂધ પાવડર અને બાળક ખોરાક પ્લાન્ટનો શિલાન્યાસ કર્યા પછી , ગુજરાતના સણાદરમાં એક જાહેર સભાને સંબોધતા મંત્રીએ આ જાહેરાત કરી હતી.

BYTE - AMIT SHAH

બનાસ ડેરી દ્વારા સરક્યુલર અર્થતંત્રના સફળ અમલીકરણ પર ભાર મૂકતા, શ્રી શાહે પુનરોચ્ચાર કર્યો કે સરકાર ભારતમાં તમામ ડેરીઓમાં આ મોડેલ લાગુ કરવા માટે કામ કરી રહી છે.

મંત્રીએ ચાર મુખ્ય ધ્યેયો પર ધ્યાન કેન્દ્રિત કરીને શ્વેત ક્રાંતિ 2.0 ની સફળતા સુનિશ્ચિત કરવાનું વચન આપ્યું હતું: સુધારેલ રાષ્ટ્રીય ગોકુલ

મિશન,પશુપાલન માળખાગત સુવિધા , રાષ્ટ્રીય પશુ રોગ નિયંત્રણ કાર્યક્રમ અને ડેરી વિકાસ.

મંત્રીએ માહિતી આપી કે સાંસદોનું એક પ્રતિનિધિમંડળ હાલમાં એશિયાની  સૌથી મોટી ડેરીની વૃદ્ધિ વાર્તાની સમીક્ષા કરવા માટે બનાસ ડેરીની મુલાકાત લઈ રહ્યું છે.

-------------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# MAHAPARINIRVAN DIVAS

ભારતરત્ન બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરને તેમની 70મી પુણ્યતિથિ, મહાપરિનિર્વાણ દિવસ પર આજે રાષ્ટ્ર શ્રદ્ધાંજલિ આપી રહ્યું છે. રાષ્ટ્રનિર્માણમાં બાબાસાહેબના અનોખા યોગદાનને ઉજાગર કરવા માટે અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

સાંભળીએ એક અહેવાલ

**V/C AJAY INDREKAR**

(સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય દ્વારા ડૉ. આંબેડકર ફાઉન્ડેશન દ્વારા દર વર્ષે મહાપરિનિર્વાણ દિવસ ઉજવવામાં આવે છે. તે પ્રખ્યાત સમાજ સુધારક, દિવ્ય અને રાજનેતા ડૉ. બી.આર. આંબેડકરને શ્રદ્ધાંજલિ આપે છે. આ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ , ઉપરાષ્ટ્રપતિ રાધાકૃષ્ણન , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત અગ્રણી નેતાઓએ આજે નવી દિલ્હીમાં ડૉ. આંબેડકરને પુષ્પાંજલિ અર્પણ કરી. મહાપરિનિર્વાણ એ બૌદ્ધ પરંપરાઓમાં મૂળ ધરાવતો એક ખ્યાલ છે જે જન્મ અને પુનર્જન્મના ચક્રમાંથી આત્માની સંપૂર્ણ મુક્તિ દર્શાવે છે. બાબાસાહેબ આંબેડકર ભારતીય બંધારણના મુખ્ય શિલ્પી હતા , જેમનું સામાજિક ન્યાય, સમાનતા અને લોકશાહીનું વિઝન પેઢીઓને પ્રેરણા આપે છે. અજય ઈન્દ્રેકર આકાશવાણી સમાચાર અમદાવાદ )

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને એક સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું હતું કે સમાનતા , ગૌરવ અને બંધુત્વ માટે ડૉ. આંબેડકરના અથાક સંઘર્ષે આધુનિક, પ્રગતિશીલ અને સમાવેશી ભારતનો પાયો નાખ્યો હતો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું હતું કે ડૉ.

આંબેડકરે પેઢીઓને માનવીય ગૌરવ જાળવી રાખવા અને લોકશાહીના પાયાને મજબૂત બનાવવા પ્રેરણા આપી હતી.

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું હતું કે ડૉ. આંબેડકરે કામદારો , ખેડૂતો અને સમાજના નબળા વર્ગના અધિકારો સુનિશ્ચિત કરીને સામાજિક ન્યાયના સર્વોચ્ચ આદર્શો સ્થાપિત કર્યા હતા.

-------------

## REV ECI- SIR

ચૂંટણી પંચે આજે જણાવ્યું કે, મતદાર યાદી સઘન સુધારણા –SIR નો બીજો તબક્કો શરૂ થયા પછી મતદારોમાં 50 કરોડ 93 લાખથી વધુ ગણતરી ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું છે. આ તબક્કામાં આવરી લેવામાં આવનારા લગભગ 51 કરોડ મતદારોમાંથી 99.93 ટકા મતદારો છે. પંચે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં લગભગ 49 કરોડ ફોર્મનું ડિજિટાઇઝેશન કરવામાં આવ્યું છે. મતદાર યાદીના SIRનો બીજો તબક્કો 4 નવેમ્બરના રોજ નવ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં શરૂ થયો હતો.

-------------

## JAISHANKAR - HT SUMMIT

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે જણાવ્યું હતું કે ભારત અન્ય દેશો સાથે તેના સંબંધો કેવી રીતે વિકસાવે છે તેના પર કોઈ દેશનો કોઈ નિયંત્રણ નથી. નવી દિલ્હીમાં એક કાર્યક્રમને સંબોધતા ડૉ. જયશંકરે ભાર મૂક્યો કે ભારતને વ્યૂહાત્મક સ્વાયત્તતા , તેમજ ભૂરાજનીતિમાં સ્વતંત્ર પસંદગીનો આનંદ છે. તેમણે એવા સૂચનોને નકારી કાઢ્યા હતા કે રશિયન રાષ્ટ્રપતિ

વ્લાદિમીર પુતિનની મુલાકાત ભારતના અમેરિકા સાથેના સંબંધો પર નકારાત્મક અસર કરશે અથવા ભારત સાથે અપેક્ષિત મુક્ત વેપાર કરાર (FTA)ને અવરોધશે. તેમણે કહ્યું કે અમેરિકા સાથે વાતચીત કે વાટાઘાટોનો કોઈ અભાવ નથી.

## EVE CRICKET ODI- TARGET

વિશાખાપટ્ટનમમાં રમાઈ રહેલી પુરુષોની એક દિવસીય ક્રિકેટ મેચમાં દક્ષિણ આફ્રિકા એ ભારતને જીતવા માટે 271 રન નો લક્ષ્યાંક આપ્યો છે. લક્ષ્યનો પીછો કરતા, છેલ્લા મળતા અહેવાલો મુજબ ભારતે 26 ઓવરમાં 1 વિકેટે 15 રન બનાવ્યા હતા , દક્ષિણ આફ્રિકાની ટીમ 47.5 ઓવરમાં 270 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. દક્ષિણ આફ્રિકા માટે ક્વિન્ટન ડી કોકે 106 રન બનાવ્યા. ભારત માટે કુલદીપ યાદવ અને પ્રસિદ્ધ કૃષ્ણાએ 4-4 વિકેટ લીધી.

-------------